श्री सत्यनारायणनी कथानुं

મૂળ સાથે

સમશ્લોકી સંગીત ભાષાંતર.

રચનાર,

તથા

શેઠ જીવણદાસ ઠાભજી શીવજીના

ઉદાર આશ્રયથી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શાસ્ત્રી વલ્લભજી વિ. નિર્ભયરામ.

સંવત્ ૧૯૬૬—ઈ. સ. ૧૯૧૦.

મુંદ્રા--કચ્છ.

કીંમત આઠ આના.

श्री सत्यनारायणनी कथानुं

મૂળ સાથે

સમશ્લોકી સંગીત ભાષાંતર.

રચનાર,

તથા

શેઠ જીવણદાસ ઇબજી શીવજીના

ઉદાર આશ્રયથી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શાસ્ત્રી વલ્લભજી વિ. નિર્ભયરામ.

મુંદ્રા--કચ્છ.

કીમત આઠ આના.

શ્રી સુબોધિની પ્રીન્ટીંગ પ્રેસ, બજારગેટ, કોટ, મુંબઇ.

अर्पण पत्रिका.

શ્રીમાન્ શેઠજી સાહેબ,

રા. રા. જીવણદાસભાઈ ઇભજી.

મુ૦ મુંદ્રા—કચ્છ.

શેઠજી સાહેબ,

અમારાં કુટુમ્બ ઉપર આપ હમેશાં કૃપા દૃષ્ટીથી અનેક ઉપકારો કરતા આવ્યા છો અને કરો છો તથા મારા ઉપર ખાસ મહેરબાની કરી મને શ્રી કાશીપુરીમાં અભ્યાસ કરવા મોકલી સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરાવ્યો એ આદી આપના અનેક ઉપકારોના આભારના સ્મરણાર્થે આ શ્રીસત્ય નારાયણની કથાનું સંગીત ભાષાંતર આપને અર્પણ કરવાની રજા લઉંછું,

હરિગીત છંદ.

શ્રીમન્ત ને ધીમન્ત પણ તેનો નહિ કંઇ ગર્વ છે,
ઉરમાંહી શત્રુ મિત્ર સુતપણ તેમને સમ સવ છે.
વળી દેશ જે નિજ સ્વચ્છ કચ્છ તણુંજ ભૂષણ ખાસ છે,
ઇભજી શિવજીના પુત્ર એવા શેઠ જીવણદાસ છે. ૧

યાચક જનોની યાચનાને પૂર્ણ કરવા મન ઘણું
નિજ દેશમા પરદેશમાં છે પ્રાપ્ત યશ તેથી ઘણું
હુન્નર કે વિદ્યાભ્યાસ કરવા ખાસ નિત્ય પ્રયાસ છે.
ઇભજી શિવજીના પુત્ર એવા શેઠ જીવણદાસ છે. ૫.

ઇંગ્લીશ વિદ્યા પ્રથમથી પરીપૂર્ણ કીધી યુવાનમાં
સંસ્કૃત વિષે વળી પ્રેમ થાતાં વાત રાખી ધ્યાનમાં;

વિદ્વાનમાં પછી બેસી તેની પૂર્ણ કીધી આશ છે,
ઇબજી શિવજીના પુત્ર એવા શેઠ જીવણદાસ છે. ૪.

અવગુણ ભ્રમરના પુષ્પ ચંપક રત્ન દીપક કુલ તણા,
ઔદાર્ય ને માધુર્ય ગુણ સૌન્દર્યની પણ નહિ મણા;
ગુણવંત વિદ્યાવંત મંત્રી ને મુનીઓ પાસ છે,
ઇબજી શિવજીના પુત્ર એવા શેઠ જીવણદાસ છે. ૩.

ગુણ ગૃહણ ધર્માચાર વિદ્યાસારમાંજ પ્રચાર છે,
એવાજ જેના **રત્નસી** આદી સુતો પણ ચાર છે;
વળી ધર્મ પત્નિ તેમનાં લક્ષ્મી સ્વરૂપે ખાસ છે,
ઇબજી શિવજીના પુત્ર એવા શેઠ જીવણદાસ છે. ૨.

કાશી વિષે કરી વાસ જઇ ગુરૂ પાસ વિદ્યાભ્યાસ છે,
કીધો પ્રતાપે જેમને એ શેઠ **જીવણદાસ** છે;
ઉપકાર તે અતિશય કર્યો મુજ ઉપરે આશ્રિત ગણી,
ઉપકાર તે સંભાળવા ઇચ્છા થઇ છે મુજ તણી. ૬.

માટે લઘુ આ ગ્રંથ અપણ હું કરૂં છું પ્રીતથી,
શ્રી સત્યનારાયણ કથા સંગીત ભાષા રીતથી;
આશીષ આપું તેમને પરીવાર શીખે પ્રીતથી,
હે સત્યપ્રભુ તું સત્ય તેનું રાખ તેવીજ રીતથી; ૭.

કચ્છ—મુંદ્રા.

લી૦ એમનો પરંપરાશ્રિત,

શાસ્ત્રી વલ્લભજી નિર્ભયરામ

પ્રસ્તાવના.

આ ભૂમંડલપર યુરોપાદિ અનેક ખંડો આવેલા છે, તેમાં એશિઆ ખંડ વિસ્તાર વસ્તીએ મ્હોટો છે એટલુંજ નહિ કિંતુ સુધારો, ધર્મ, હુન્નર કળા વિદ્યાનું પ્રથમ ઉત્પત્તિ સ્થાન હોઈ દુનિયામાં તે અગ્રસ્થાન ભોગવે છે. આ એશિઆ ખંડમાં આપણો ભરત રાજાનો ભરતખંડ—આર્યાવર્ત જે પાછળથી કાલ પ્રભાવે હિંદુસ્થાનનું નામ પામ્યો છે તે કાવ્ય સાહિત્ય ધર્મ તત્ત્વના જ્ઞાન આદિનું તેમજ યજ્ઞ યાગાદિ કર્મ કાન્ડના ભારે વિસ્તારવાલાં અનુષ્ઠાનોનું ખાસ સ્થળ હોઈ પરમપવિત્ર દેશ ગણાય છે. આ ભરતખંડ પૂર્વે શ્રીમાન જ્ઞાનવાન પ્રતાપવાન અને સુખી હતો એ ઇતિહાસ વેત્તાઓને સારી પેઠે જાણમાં છે. તેનો મહીમા, પ્રતાપ, અને પ્રભાવ એવો હતો કે તેને યુરોપિ વિદ્વાનો પણ આશ્ચર્ય ચકિત થઇ અંતઃકરણ પૂર્વક વખાણે છે; ધાર્મિક દૃષ્ટિએ જોતાં શ્રૌત સ્માર્ત ધર્મો આ દેશમાં પ્રવર્તેલા છે; એટલુંજ નહિ પરંતુ જ્યારે જ્યારે અધર્મનો પ્રસાર ધર્મનો વિનાશ, સાધુ પુરૂષોને કષ્ટ દુનિયામાં થાય છે ત્યારે નિરંજન, નિરાકાર, અજ, નિત્ય, શુદ્ધ, બુદ્ધ મુકત સ્વભાવ છતે પણ તે સર્વની યોગ્ય વ્યવસ્થા કરવાને પોતે આપ્ત કામ છતાં માયાએ કરી કેમ જાણે અવતર્યા હોય તેમ રામ કૃષ્ણાદિ ઇશ્વરાવતારોની લીલા આ દેશમાં થએલ છે તેથી પણ તેનું મહાત્મ્ય વિશેષ ગણવામાં આવે છે. મહાન તત્ત્વજ્ઞ શંકરાચાર્ય જેવા આચાર્યોએ આ દેશમાં પરમ કલ્યાણ કારક ધર્મનો દૃઢ પ્રચાર કરેલ છે. તેમ વલી માન્ધાતા, યુધિષ્ટિર, નળ, હરિશ્ચંદ્રાદિ મહાત્મા રાજાઓએ આ ભૂમિને પ્રતાપી અને યશસ્વી કરેલી છે. આ આપણો ભરતખંડ અરૂંધતી, અનુસુયા, તારા, મંદોદરી, સીતા, સુલોચના, દ્રૌપદી વગેરે સતી મંડળનાં પાતિવ્રત્યના પ્રભાવે દીપી રહેલ છે. ગંગા યમુના વગેરે તીર્થ નદીઓ પોતાના તરંગ રૂપી ભૂજાએ કરી શ્રદ્ધા અને ભક્તિ યુક્ત આર્યોનાં પાપને ધોઇ નાંખે છે. ધમ નામે પાંડવોના મ્હોટાભાઇ યુધિષ્ટિર હોવાથી દ્વાપરયુગની પેઠે કલિયુગમાં પણ સામ્રાજ્ય સ્થાપન કરવા માટે ખાસ શ્રી કૃષ્ણભગવાને જુદે જુદે સ્વરૂપે આ ભારત ભૂમિના પૂર્વ દિશાને છેડે જગન્નાથ રૂપે, દક્ષિણમાં રામ નાથ રૂપે, પશ્ચિમમાં દ્વારકાનાથ રૂપે અને ઉત્તરમાં બદ્રિનાથ રૂપે એમ ચારે દિશામાં જુદે જુદે સ્વરૂપે બિરાજમાન થઈ ધર્મનુ સંરક્ષણ કરેલું છે. ભારત ભૂમિમાં ધર્મ રૂપી પાંડવોનું પ્રાબલ્ય જોઇ કલિયુગ રૂપી દુર્યોધનાદિએ

છળ કપટથી એ ધર્મરાજાનો તદન પરાજય કરેલો છે અર્થાત્ ધર્મનો પરાભવ અને અધર્મનો અભિભવ થએલો છે અને પૂર્વનો આપણો મહીમા, પ્રતાપ, અને પ્રભાવમાં અગ્રસ્થાન ભોગવતો ભરતખંડ આજે કલિયુગના સપાટામાં સપડાઇ નિર્ધનતા, સ્વલ્પાયુ પારતંત્ર્ય હીન સત્વતા દ્રારિદ્રય વગેરેમાં ઘેરાઇ ગયો છે. કલિયુગના અનર્થ વિસ્તાર ભયથી અહિં લખ્યા નથી. પૂર્વના અક્ષુદ્ર ત્રિકાળદર્શી મુનિઓથી આ અવદશા અજાણી ન હતી. તેઓએ એ અનર્થથી પ્રજા બચે તે માટે મ્હોટી સભામાં ચર્ચા ચલાવી અનર્થ નિવારક ઉપાય નક્કી કરેલ હતો. આ પ્રસંગની કથા સંક્ષેપમાં નીચે મુજબઃ—

નિમિષારણ્ય નામના ક્ષેત્રમાં એક વખતે શૌનકાદિ મુનિઓ સુંદર શાસ્ત્ર રચતા હતા. એટલામાં મહા તેજસ્વી સર્વ પુરાણોને જાણનાર સુત પૌરાણિક પોતાના શિષ્ય મંડળ સહિત ત્યાં પધાર્યા. પ્રસંગ નીકળતાં શૌનક મુનિએ પ્રશ્ન કર્યો કે "હે મહારાજ કલિયુગ આવશે ત્યારે માણસોને હરિ ભકિત કેવી રીતે થશે. કારણ **કલિયુગના લોકો સ્વધર્મ અને વેદ વિદ્યાથી હીન થશે** કલિ લોકોના પ્રાણ અન્નને આધારે રહેશે તો શાસ્ત્રમાં બતાવેલ વર્ણાશ્રમ ધર્મ યજ્ઞ યાગાદિ ધર્મની મ્હોટી ક્રીયાઓને નિર્ધન અને અલ્પાયુ પ્રજા કરી શકશે નહિ; તેથી સમય દ્રવ્ય અને પરિશ્રમ જેમાં થોડાં જોઇએ અને પૂણ્ય વધારે થાય તેવું કોઇ વ્રત કહો જેથી કલિ યુગના લોકોનું કલ્યાણ થાય. આ પ્રશ્નના ઉત્તરમાં સુત પૌરાણિક વદ્યા કેઃ— "લોક કલ્યાણ અર્થે બ્રહ્મલોક વિષ્ણુ લોક આદિમાં વિચરતા નારદ મુનિ એક દિવસે ભૂલોકમાં આવ્યા ત્યાં મનુષ્યો પોતાના પાપ કર્મથી અનેક ઉચ્ચ નીચ યોનિઓમાં ઉત્પન્ન થઇ સીદાતા હતા, તેમને જોવાથી નારદ મુનિને દયા ઉત્પન્ન થઇ. મૃત્યુલોકના જીવનું કલ્યાણ કેમ થાય તેનું ચિંતન કરતા વૈકુંઠમાં વિષ્ણુ પાસે ગયા. તેમના દર્શન કરી અરજ કરી "મહારાજ મૃત્યુ લોકના મનુષ્યો મંદભાગ્ય અલ્પાયુ અને નિર્ધન હોઇ ઘણો કલેશ પામી રહ્યા છે. આ કલેશનો નિવર્તક લઘુ ઉપાય હોય તો બતાવો" શ્રી ભગવાન પ્રત્યુત્તર આપતાં બોલ્યા કે—"હે નારદમુનિ સ્વર્ગમાં પણ દુર્લભ મ્હારૂં એક વ્રત છે તે તારાપરના સ્નેહને લીધે આજજ પ્રકાશું છું. હું સત્યનારાયણ ભગવાનનું વ્રત કર્યાથી તેમજ કથા શ્રવણ કર્યાથી જીવનું કલ્યાણ થાય છે અને તે અહિં સુખ ભોગવી પરલોકમાં મ્હારાં દુર્લભ પદને પામે છે, આ શિવાય કલિયુગનાં લોકોના કલ્યાણ માટે બીજું કોઈ વ્રત છે નહિં."

આવા મહાત્મ્યવાળું અને સ્વલ્પ પરિશ્રય સમય અને દ્રવ્ય વડે અમુલ્ય ફળ આપનારૂં આ સત્યનારાયણ વ્રત, કલિયુગનું પ્રાબલ્ય હોવાથી પ્રતિદિન લોપ થતું જાય છે એટલુંજ નહિ પરંતુ તેની કથાનું શ્રવણ કે પઠન પાઠન કેવલ ઉદર નિર્વાહના સાધન રૂપ થઇ પડે છે એટલે તે પણ યથાવત્ થતું નથી. આવા કાલમાં સંગીત ઉપર લોકોની સ્વાભાવિક પ્રીતિને અનુસરીને પ્રત્યેક શ્લોકનું પ્રબંધ ભાષાન્તર **થાય** તો તે રૂચિકર થઇ પડે અને લોકો તેમાં **પ્રવૃત્ત** થાય અને યથેચ્છ ફલભોગી થાય તેમજ સત્ય નારાયણનો મહીમા કાયમ રહે એવા ઉદ્દેશથી મ્હેં અત્ર એવો પ્રયાસ યથા શક્તિ કરેલો છે. જો કે આ કથાનું ગદ્યબંધ ભાષાન્તર થએલ છે પણ તે સમુદાય રૂપે જોવામાં આવે છે. એટલે **મ્હારો** પ્રયાસ તેથી કંઇ ભિન્ન છે.

આ પુસ્તક છપાવવાનુ ખર્ચ અહિંના સુપ્રસિધ્ધ શેઠ **જીવણદાસ દેભાજી શીવજી** તરફથી મળેલ છે. તેમની આ ઉદારતા માટે હું તેમનો ઘણો આભારી છું.

આ પુસ્તક મુંબઇમાં છપાયલું હોવાથી પ્રુફો તપાસવાનુ કામ અમારાથી જાતે બની શક્યું નથી. પણ બીજાઓના હાથમાં મુકવું પડયું હતું. અને તેથી કેટલીક ભૂલો રહી ગઈ છે, તેમાંથી ન ચલાવી શકાય એવી કેટલીક અશુદ્ધતાને માટે છેવટના ભાગમા શુદ્ધી પત્રક આપ્યું છે, તે ઉપરાંત દૃષ્ટી દોષને લીધે કંઇ અશુદ્ધતા રહી ગઇ હોય તે, તેમજ કંપોઝીટરોના મનસ્વી પણાને લીધે કેટલેક સ્થળે ન જોઇએ ત્યાં અનુસ્વારો મુકી દીધાં છે. તથા જોઇએ ત્યા નથી મુકયા વીગેરે ભુલચુક સુજ્ઞ વાંચકો સુધારી વાંચશે એવી આશા છે.

अथ मंगलाचरणम् सप्रयोजनम्.

કાર્યારંભમાં અને ગ્રંથારંભમાં નિર્વિઘ્ન પરીસમાપ્તિ માટે મંગલાચરણનું ખાસ કારણ નથી કારણ કે અન્વય વ્યતિરેક વ્યભિચાર હોવાથી કાર્ય કારણનો નિયામક અન્વય વ્યતિરેક સહચાર છે. અન્વય લક્ષણ માટી હોવાથી ઘડારૂપી કાર્ય સિદ્ધ થાય છે અને વ્યતિરેક લક્ષણ એટલે કારણનો અભાવ તો કાર્યનો અભાવ તે; માટે ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ માટે મંગલાચરણનું કારણ સિદ્ધ ન થયું; કેમકે આપણુના કાદંબરી આદી ગ્રંથોમાં મંગલાચરણ કર્યા છતાં સમાપ્તિ જોવામાં નથી આવતી અને નાસ્તિકોના ગ્રંથોમાં મંગલાચરણનો અભાવ છતાં ગ્રંથની સમાપ્તિ જોવામાં આવે છે. માટે શિષ્ટાચાર પ્રાપ્ત નત્યાત્મક, સ્તુત્યાત્મક અને વસ્તુ નિર્દેશાત્મક એમ ત્રણ પ્રકારનાં મંગલાચરણ કરવામાં આવે છે, તો અમે પણ આંહી તેમાંનું સ્તુત્યાત્મક મંગલાચરણ કરીએ છીએ.

मंगलाचरणम्.

गणपति स्तुति.

રાગ કલ્યાણ.

ભજમન લંબોદર ગજવક્ત્રા, કાર્ય સફળ કરશે વળી વકતા—ટેક.
કાર્તિકસ્વામી જે તણો ભ્રાતા, તેમ શંકર ઉમયા પિતુ માતા—ભજ૦
વિઘ્ન વિપત્તિ ભય સંહરતા, રિદ્ધ સિધ્ધી બુધ્ધી વર દાતા—ભજ૦
ભકત **વલ્લભ** ગણુપતીને રાખો, ચિત્તે તો શુભ ફલને ચાખો—ભજ૦

सरस्वति स्तुति.

રાગ બનજારો.

જય સરસ્વતી જગદંબે, કર કાર્ય સફલ અવિલંબે
તું બુદ્ધિ અભય વરદાતા, હે હંશ ગામિની માતા—જય૦
કર ધરી પુસ્તક શુભ તન્ત્રી, છો ભકત દુઃખની હન્ત્રી

હરિ તણી કથા સંગીતે, કરવાની છે પ્રભુ પ્રીતે—જય૦
છે પ્રભુ તણા ગુણ ગાવા મતિ નથી યોગ્ય મુજ થાવા
છું અલ્પ મતિ અજ્ઞાની, થા માત સહાય ભવાની—જય૦
મુજ મતી કરો બહુ સારી, ખુશી સભા થાય જયમ ભારી
હૃદિ ધરો અરજ મુજ દેવી, એમ વદે **વલ્લભ** તવસેવી—જય૦

શ્રી सत्यनारायणदेव स्तुति.

રાગ ધનાશ્રી.

સત્યનારાયણ દેવ, જય જય સત્યનારાયણ દેવ—ટેક.
મંગલ નામને ધામ છે મંગલ, મંગલ રૂપ ત્વમેવ—જયજય૦
આપ તણા ગુણ વર્ણન કરતાં થાકી ગયા શેષ દેવ—જય૦
આપ તણો પ્રભુ મહીમા ન જાણે, ઇન્દ્રાદિક સહુદેવ—જય૦
વિઘ્ન વિપત્તિ ભયને ટાળો, ટાળો અનીતિ ટેવ—જય૦
સત્વાદિક ગુણ રૂપ ધરીને કાર્ય કરો છો અનેક
જય જય સત્યનારાયણ એક
વાસ્તિવક રીતે નિર્ગુણ રૂપ છો કાર્યથી રૂપ અનેક—જય૦
ભકત **વલ્લભ** પ્રભુ નામ સ્મરણથી મોક્ષ પામ્યા જન છેક—જય૦

अथ विद्वज्जन प्रसंशा.

ગીતી

કાવ્યોને રચવામાં, નિજ મતિ રચના વડેજ વિદ્વાન
શોભેછે આ જગમાં, પામેલા જે ઘણુંક યશ માન—૧
તોપણ પરના ગુણને, સાંભળવામાં ધરેજ તે કાન
સાંભળી રાજી થાએ, ન કરે નિજ ગુણ તણુંજ અભિમાન—૨
કલ્પ વૃક્ષ વિધુ લક્ષ્મી, પેદા કરનાર રત્ન તણું ધામ
જયમ સાગર મર્યાદા મૂકયાનું કદી લીએ નહિ નામ—૪
ગુણ ગૃહીને વિદ્વાનો અવગુણ તજશે અમો તણા તેમ
ઉત્તમ પક્ષી હંસ: દૂધ પીએ જલ તજી દીએ જેમ—૪

અથ કથા પ્રારંભ.

एकदा मुनयस्सर्वे । सर्व लोक हितेरताः
सुरम्ये नैमिषारण्ये गोष्टीं च क्रुर्मनोरमाम् ॥ १ ॥

હિંડી.

સુંદર ભૂમિ વિષે, તપ તણું જે ધામ;
નૈમિષ છે અરણ્ય એજ તેનું નામ.
મુનિઃ શૌનકાદિ, એક સમે સર્વ;
મલી ત્યાં બેઠા હતાજ તજી ગર્વ.
સર્વ લોકના હિતેચ્છુ ભલી ભાત;
સુંદર કરતા હતા શાસ્ત્ર તણી વાત.

तदन्तरे महातेजा व्याम शिष्यो महायशाः
सूतः शिष्यगणैर्युक्तः समायातो हरिंस्मरन् ॥ २ ॥

હિંડી.

તેજ સમય માંહી, સૂતજી પધાર્યા;
વ્યાસ શિષ્ય મુનિ, ચિત્ત વ્હેમ ટાળ્યા.
મહા તેજ વાન, મોટી કીર્તિવાળા;
હરિ સ્મરણ કરતા, હાથ લઈ માળા.
શિષ્ય વૃન્દ વડે, શોભિતા અપાર;
સર્વ શાસ્ત્રને, પુરાણના ભંડાર.

तमायान्तं समालोक्य सूतं शास्त्रार्थ पारगम्
मुनिं सर्वे समुतस्थुः शौनकाद्या स्तपोधनाः ॥ ३ ॥

એવા આવતા તે સૂતજીને જોઈ, મુનિ શૌનકાદિ રહ્યા સર્વ મોહી;
સૂત આવ્યા થકી ઉભા થયા વ્હેલા, કટી કોટ થકી બની તે નમેલા.

सोपिता न्सहसाभक्त्या मुनीन्परम वैष्णवान्
ननामदंडवद्भूमौ सर्व धर्म विदाम्वरः ॥ ४ ॥

તે પણ ભક્તિ વડે જલદી ધર્મ પૂતઃ પરમ વૈષ્ણવો તે મુનિઓને સૂત;
નમ્યા ભૂમિ વિષે દંડ પડે ખૂબ, થયા પ્રેમમાં તે મગ્ન હુબા હુબ.

त्वगासने महाबुद्धिस्तैर्दत्ते मुनिसत्तमैः
उवास सदसोमध्ये सर्वै शिष्यगणैर्वृतः ॥ ५ ॥

આસન મુનીએ આપેલ અતિ શુદ્ધ, તે પર બેસતા હતાજ મહા બુદ્ધ;
સર્વ શિષ્ય થકી યુક્ત મુનિ સૂત, સભા મધ્યમાં શોભ્યા તે અદભૂત.

तत्रोपविष्टं तं सूतं शौनको मुनिसत्तमः
बध्वांजलिमिमां वाचमुवाच विनयान्वितः ॥ ६ ॥

આસન ઉપરે બેઠેલા જેહ સૂત, પ્રશ્ન તેહને કર્યા છે અદભૂતઃ
મુની શ્રેષ્ટ શૌનકેજ હાથ જોડી વિનય યુકત થઇ હૃદય બીક છોડી.

शौनकउवाच महर्षे सूत सर्वज्ञ कलिकाले समागते
केनोपायेन भगवन्हरिभक्तिर्भवेन्नृणाम् ॥ ७ ॥

ગીતી.

શૌનક—પ્રાપ્ત થયે કલિકાલઃ ભગવન્ પ્રભુ ભક્તિ જીવને કેમ,
કયા ઉપાએ થાએ રૂષીવર સર્વજ્ઞ સૂત કહો તેમ.

कलौसर्वेभविष्यन्ति पापकर्म परायणाः
वेदविद्या विहीनाश्च तेषांश्रेयःकथंभवेत् ॥ ८ ॥

કારણ કે કલયુગના, સર્વ મનુષ્યો થશેજ આધીન
પાપતણાં કર્મોને, વેદ વિદ્યાથી થશેજ વળી હીન.

कलावन्नगताःप्राणाः लोकास्त्वल्यायुषस्तथा
निर्धनाश्चभविष्यन्ति नानापीडाप्रपीडिताः ॥ ९ ॥

કલિયુગના લોકોના, પ્રાણો ટકશેજ અન્ન આધારે ;
આયુષ ઓછાવાળા, નિર્ધન સુખને કદીજ નવ ધારે.

प्रयास साध्यं सुकृतं शास्त्रेषु प्रथितंद्विज
तस्मा त्कोपि करिष्यन्ति कलौनसुकृतं जनाः ॥ १० ॥

પૂણ્ય કર્યાની રીતો, શાસ્ત્ર વિષે છે પ્રસિદ્ધ મહેનતથી ;
તે માટે કલિયગમાં, કરશે નહિ પુણ્ય કોઇ નર તનથી.

सुकृतेषु विनष्टेषु प्रवृते पाप कर्माणि
सवंशाःप्रलयंसर्वे गमिष्यन्तिदुराशयाः ॥ ११ ॥

પૂણ્ય તણો જો નાશ: પાપ વધારો થશેજ તો ખાસ;
વંશ સહિત સર્વે તે, દુષ્ટો તજી આશ પામશે નાશ:

स्वल्पश्रमैरल्प वित्तैरल्पकालैश्चसत्तम

यथाभवेन्महापूण्यं तथा कथयसूतनः ॥ १२ ॥

અલ્પ પરિશ્રમ થાએ, થોડી મુદ્દતેજ અલ્પ પૈસેથી;
પૂણ્ય થાય જ્યમ જાણું, સૂત અમોને કહોજ ભાવેથી;

यस्यो पदेशतः पुण्यं पापंवा कुरुतेजनः

सतद्भागीभवेन्मर्त्य इति शास्त्रेपुनिर्णयः ॥ १३ ॥

દોહી.

જેના બોધથી કરે જે પુણ્ય પાપ, એવું ભોગવેજ બેઉ તે અમાપ;
નિરણય શાસ્ત્રી વિષે એનો છેજ એમ, કીધું સારૂં કે નઠારૂં ટળે કેમ.

पूण्यो पदेशीसदयः कैतवैश्चविवर्जितः

अपापी अविरोधीच चत्वारः केशवोपमाः ॥ १४ ॥

દયાવંત પાપહીન પુણ્ય ઉપદેશી, તજીછે વળી ઠગાઇ નહી દ્વેશી;
એવા ચાર તે મનુષ્ય પ્રભુ તુલ્ય, એતો ભૂમિ વિષે રત્ન છે અમૂલ્ય.

ज्ञानं संप्राप्यसंसारेयः परेभ्योनयच्छति

ज्ञानरूपी हरिस्तस्मै प्रसन्नइवनेक्ष्यते ॥ १५ ॥

જ્ઞાન પામી નર જગત વિષે જેહ, બીજા કોઇને ન આપે મૂર્ખ તેહ;
જ્ઞાનરૂપી પ્રભુ તેહને ન જોય કૃપા દ્રષ્ટીએ, તે વ્યર્થ જ્ઞાન ન ખોય.

ज्ञानरत्नैश्च रत्नैश्च परसंतोषकृन्नरः

सज्ञेयः संमतोनूनं नररूपधरोहरिः ॥ १६ ॥

જ્ઞાન રત્ન એજ રત્ન વડે જેહ, બીજા કોઇને સંતોષે નર તેહ;
માન્યો છેજ એ મનુષ્ય રૂપ ધારી, પ્રભુ તે મનુષ્યનેજ દુઃખહારી.

व्रतेन तपसा किंवा प्राप्यते वाञ्छितं फलम्

तत्सर्वं श्रोतुमिच्छामि कथयस्व महामते ॥ १७ ॥

લલિતછંદ.

વ્રત કર્યા થકી વા તપે કરી, સૂત કહો તમે વાત જે ખરી;
ફળ મનુષ્યને પ્રાપ્ત થાય તે, ઇચ્છીત સર્વ જે હે મહામતે.

त्वमेव मुनि शार्दूल वेदवेदांग पारग
त्वद्दते नाहि वक्तान्यो यतस्त्वं व्याम शिक्षितः ॥ १८ ॥

શ્રવણ તે કરાવોજ પ્રીતથી, મુનિ વિષે તમે સિંહરૂપથી.
સકલ વેદના વેદ અંગના, તટ ગયાજ છો ને પુરાણના.
તમ સમો નહિ બોલનાર છે, તમ તણા ગુરૂ તેમ વ્યાસ છે.
અરજ શૌનકે એજ રીતની સુતપ્રતે કરી જીવ શ્રેયની.

सुतउवाच धन्योमित्वं मुनि श्रेष्ट त्वमेव वैष्णवाग्रणीः
यतः समस्तलोकानां हितमिच्छति सर्वदा ॥ १९ ॥
श्रृणुशौनक वक्ष्यामियत्त्वयाश्रोतुमिष्यते
नारदेनैवमुक्तःसन् भगवान्क कमलापतिः ॥ २० ॥
मुरर्षये यथैवाह तच्छृणुध्वं समाहिताः
पुनरन्यत्प्रवक्ष्यामि श्रृणुध्वंमुनिसत्तमाः ॥ २१ ॥

સીંહાનો કનરો.

સૂત કહે શુણુ શૌનક મુનિવર, ધન્ય તમે વૈષ્ણવ અગ્રેસર.
જે માટે સઘળા લોકોનું, હિત ઇચ્છોછો હમેશજ દુઃખહર—સૂત
જેહ તમે મુનિ ઇચ્છશો સાંભળવા, તેજ કહીશ હું પ્રભુપદ મળવા.
એક સમે નારદ મુનિએ એમજ, પૂછ્યું હતું પ્રભુ કમલાપતિને.
કલિયુગ કેરાં સર્વ મનુષ્યો, પામશે કેમજ તે શુભ ગતિને.
સુર રૂષી નારદ મુનિને વિષ્ણુ, કે'તા હતા તે જેવીજ રીતે.
તેજ તમે સાંભળજો સર્વે અન્ય કહું તે પણ એક ચિત્તે.

इतिश्रीस्कंद पुराणे रेवाखंडे सत्यनारायण व्रतकथायां प्रथमो ध्यायः

ઠુમરી.

કચ્છદેશ મુંદ્રાપુરવાશી, કવી શાસ્ત્રી વલ્લભજીએ.
જ્યોતિષી નરસી સુત, નિર્ભયરામ સુતે નિજ બુદ્ધિએ.
સ્કંદપુરાણે રેવાખંડે, સત્યદેવ નારાયણની.
કથા કરી સંગીતજ રૂપે, પ્રથમાધ્યાયની કહેવાણી.
હવે દ્વિતીઆધ્યાય તણી જે, કથા કે'વાશે જે રીતે.
સાંભળશો શ્રોતાજન સર્વે, હાથ જોડીને અતિ પ્રીતે.

एकदा नारदो योगी परानुग्रहवांछया
पर्यटन्विविधान्लोकान्मर्त्यलोक मुपागमत ॥ १ ॥

(ભમન જુમનેકું આય—એ રાહ)

એક દિન બીણા બજાત, હરિ હરિ કરતે દિનરાત
જટા મુગટસેં સોહાત, વિષ્ણુ ચરણુ કે ભોગી.
નારદ મૃત્યુલોક આય, હૃદય જગકે હિત ચ્હાય
બ્રહ્મલોક વિષ્ણુલોક, વિવિધ ફિર ફિર જોગી.

तत्रदृष्ट्वा जनाः सर्वेनाना क्लेशसमन्विताः
नानायोनिसमुत्पन्ना क्लिश्यंतेपापकर्मभिः ॥ २ ॥

મુનિવર દેખકે ભૂલોક, જીવ કરતે બહુ શોક;
વિવિધ યોની ઉત્પન્ન, ભયે પાપ કર્મસે.
કોઇ નર લડકેસે યુક્ત, સોહી પૈસેસેં મુક્ત;
જો હે સકલ વિભવ યુક્ત, સોહી ગ્રસ્ત રોગસેં.

केनोपायेन चैतेषां दुःखनाशोभवेत् ध्रुवं
इति संचिन्त्यमनसा विष्णुलोकं गतस्तदा ॥ ३ ॥

કીશી તરેસેં દુઃખ જાય, કરૂણા અપને ચિત લાય;
કરના કયા અબી ઉપાય ઇસી લોગકે ભલે.
નારદ મનમે બિચાર, કરતે હુએ બારંબાર;
અપને ઇષ્ટકું સંભાર, વૈકુંઠ ધામકું ચલે.

तत्र नारायणं देवंशुक्लवर्णं चतुर्भुजं
शंखचक्रधरंदेवं वनमाला विभूषितं ॥ ४ ॥
दृष्ट्वातं देवदेवेशं स्तोतुं समुपचक्रमे
राजत् करतले वीणा जटामुकुट मस्तकः ॥ ५ ॥

નારાયણ દેવોંકા દેવ, લક્ષ્મી કરતે ચરન સેવ;
પીત વસ્ત્ર ગુંજ માલ, મુકુટ રત્નસે જરે.
સત્ય યુગકે અનુસાર, શુકલ વર્ણ ભુજા ચાર;
શંખ ચક્ર ગદા પદ્મ, ચારો હાથમેં ધરે.
ઇશી તરેહકા શણગાર, ધરકે બેઠે દીન દયાળ;

વૈકુંઠ ધામમેં હુએ, દરશન વિષ્ણુકે કીયે.
નારદ આયે બિષ્ણુ લોક. દરશન કરકે છોડે શોક;
સ્તુતી કરનેકું લગે, કલિયુગ જીવકે લીએ.

नमस्ते वाङ्मनोतीतरूपायानन्तशक्तये
आदिमध्यान्तहीनाय निर्गुणायगुणात्मने ॥ ६ ॥

(મરેઠી ચાલની સાખી)

વાણી મનના માર્ગથી છેટું, રૂપ જેનું છે અપાર;
એવા પ્રભુ તમ ચરણે નમુંછું, હાથ જોડી વારંવાર.
શક્તિ અનંત વળી આદી, મધ્યને, અંત થકી છો હીન;
નિર્ગુણરૂપ પણ ગુણરૂપ ધરીને, થાઓછો ભક્તાધીન.

सर्वेषामादिभूताय भक्तानामार्ति नाशिने
श्रृत्वास्तोत्रं ततो विष्णुर्नारदं प्रत्यभाषत ॥ ७ ॥

સર્વ ચરાચર વિશ્વતણા પ્રભુ, આદિ રૂપ છો આપ;
ભક્તવલ્લભ થઇ ભક્તજનોના, નિત્ય હરો છો તાપ.
એવી રીતે નારદમુનિ તણી, સ્તુતિ સાંભળીને વિષ્ણુ;
નારદ પ્રત્યે ભાવે બોલ્યા, દીન દયાળુ સર્વ જીષ્ણુ.

श्रीभगवानुवाच किमर्थमागतोऽसि त्वं किन्तेमनसिवर्तते
कथयस्व महाभाग तत्सर्वंकथयामि ते ॥ ८ ॥

(પીલુ–ઠુમરી)

શ્રી ભગવાન કહે નારદને, આપ કેમ અહિં આવ્યા છો?
આપ ફરો છો પરહિત માટે, તેથી કૃપા મુજ પામ્યા છો.
આપ તણા મનની શી ઇચ્છા, જેવી હોય તે દરશાવો;
મહાભાગ તે સઘળું હું પણ, કહીશ જરા નહિ શરમાઓ.

नारदउवाच मर्त्यलोके जनाः सर्वे नानाशोकसमन्विताः
नानायोनिसमुत्पन्नाः पच्यन्ते पापकर्मभिः ॥ ९ ॥
तत्कथं शमयेन्नाथ लघूपायेन तद्वद
श्रोतुमिच्छामि तत्सर्वं कृपास्ति यदि ते मयि ॥ १० ॥

પીલુ.

નારદ કે'છે મૃત્યુ લોકમાં, સર્વ મનુષ્યો દુઃખી થાએ;
વિવિધ યોનિમાં ઉત્પન્ન થઈને, પાપ કર્મથી સીદાયે.
વિવિધ પ્રકારે દુઃખ ભોગવે, નાથ કહો દુઃખ કયમ જાયે;
કૃપા કરીને આપ કહો તે, સુખ પામે લઘુ ઉપાયે;
સાંભળવા ઇચ્છું હું તો તે, આપ કૃપા મુજપર હોયે.

श्री भगवानुवाच–साधु पृष्टं त्वया वत्स लोकानुग्रहवांछया
यत्कृत्वा मुच्यते मोहात्तच्छृणुष्व वदामिते ॥११॥

શ્રી ભગવાન કહે હે વત્સ, પ્રશ્ન તમે કીધું અતિ સારૂં;
લોક અનુગ્રહ વાંછા માટે, રાજી થયું તેથી મનમારૂં.
જેહ કર્યાથી મોહ ટળે છે સાંભળ તે કહુંછું વ્રત સારૂં

व्रतमस्ति महापुण्यं स्वर्गे मुवीच दुर्लभम्
तव स्नेहान्मया विप्र प्रकाशः क्रियतेऽधुना ॥ १२ ॥

ભૂમી વિષે વળી સ્વર્ગ વિષે પણ, પૂણ્યકારી દુર્લભ વ્રત છેજ;
હમણા, સ્નેહ વિપ્ર તુજ ઉપર, તેથી પ્રસિદ્ધ કરૂં છું એજ.

सत्यनारायणस्यैकं व्रतं सम्यग्विधानतः
कृत्वा सद्यः सुखं भुक्त्वा परत्र मोक्षमाप्नुयात् ॥ १३ ॥

સત્ય દેવ નારાયણનું વ્રત, એક એજ કરવું શુભ રીતે;
તો આંહી સુખ ભોગવી અંતે શીઘ્ર મોક્ષ પામે પ્રભુ પ્રીતે.

इति नारायणेनोक्तं, नारदायमुनिं प्रति
तच्छ्रुत्वा भगवद्वाक्यं, नारदः पुनरब्रवीत् ॥ १४ ॥

નારાયણ પ્રભુએ એ રીતે, મુનિ નારદને જે કહી વાણી;
તેજ વાણી સાંભળી ફરી નારદ બોલ્યા, પ્રેમ યુક્ત પ્રભુ જાણી.

किं फलं किं विधानंच कृतं केनैव तद्व्रतं
तत्सर्वं विस्तराद्ब्रूहि कदा कार्यं हि तद्व्रतम् ॥ १५ ॥

ગીતી.

શું ફલ ને શું રીતી, તે વ્રત કોણે કર્યું ધરી નીતી;
તે વળી કયારે કરવું, વિસ્તારેથી કહો વધે પ્રીતી.

श्री भगवानुवाच–दुःख शोकादिशमनं धन धान्य प्रवर्द्धनम्
सौभाग्य संततिकरं सर्वत्र विजय प्रदम् ॥१६॥

દુઃખ શોક સંહારે નારદ, ધન ધાન્ય તેમજ વધારે;
સંતતિને સૌભાગ્ય, દેનારૂ, વળી મળેજ જય ભારે.

यस्मिन्कस्मिन्दिनेमर्त्यो भक्तिश्रद्धासमन्वितः
सत्यनारायणं देवं यजेच्चैव निशामुखे ॥ १७ ॥

જે તે દિવસે માણસ, ભક્તિ શ્રદ્ધા વડે થઇ યુક્ત;
પૂજે નારાયણને પણ, તે સમયે પ્રદોશને, ભક્ત.

ब्राह्मणैर्बांधवैश्चैव सहितो धर्मतत्परः
नैवेद्यंभक्तितो दद्यात्सपादं भक्ष्यमुत्तमम् ॥ १८ ॥

બ્રાહ્મણ બાંધવ સહિતઃ થઇને વળી ધર્મ યુક્ત, નૈવેદ;
ઉત્તમ અર્પણ કરવું, તેજ સવાયું કરી તજી ખેદ.

रम्भाफलं घृतं क्षीरं गोधूमस्य च चूर्णकम्
अभावे शालिचूर्णं वा शर्करां च गुडं तथा ॥ १९ ॥

રંભાફલ, ઘૃત, દૂધ લોટ ઘઉંનો કદાચ ચોખાનો;
સાકર અથવા ગોળ, સામગ્રી એ નિવેદની માનો.

सपादं सर्वभक्ष्याणि एकीकृत्वा निवेदयेत्
विप्राय दक्षिणांदद्यात्कथां श्रुत्वा जनैस्सह ॥ २० ॥

તે સર્વે ભેળીને, અર્પણ કરવી સવાઈ પ્રભુ પ્રીતે;
સાંભળી કથા મનુષ્યો, સહિત દીયે વિપ્ર દક્ષિણા રીતે.

ततश्च बंधुभिस्सार्द्धं विप्रेभ्यः प्रतिपादयेत्
प्रसादं भक्षयेद्भक्त्या नृत्यवाद्यादिकं चरेत् ॥ २१ ॥

તે પછી નિજ બાંધવને, સાથે લઇને પ્રસાદ ભક્તિથી,
દઇ વિપ્રોને લેવો, કરવું પછી નૃત્ય વાદ્ય પ્રીતીથી.

ततस्तु स्वगृहं गच्छेत्सत्यनारायणं स्मरन्
एवं कृत्वा मनुष्याणां वांछासिद्धिर्भवेद्ध्रुवम् ॥ २२ ॥

તે પછી નિજ ગૃહ પ્રત્યે, સ્મર્ણજ કરતાં હરિતણું જાય;
એ રીતે કીધાથી, વાંચ્છાસિદ્ધી મનુષ્યની થાય.

विशेषतः कलियुगे नान्योपायोस्तिभूतले
कथामस्य प्रवक्ष्यामि कृतंयेन पुरामुने ॥ २३ ॥

ઘણું કરીને કલિયુગમાં, છે નહિ બીજો ઉપાય ભૂતલમાં;
હે મુનિ જેણે કીધું, પૂર્વે તેની કથા કહીશ પળમાં.

इतिश्रीस्कंदपुराणे रेवाखंडे सत्यनारायणव्रतकथायां द्वितीयोऽध्यायः

પીલુ.

કચ્છ દેશ મુંદ્રા પુરવાસી, કવી શાસ્ત્રી વલ્લભજીએ;
જ્યોતીષી નરસી સુત, નિર્ભયરામ સુતેનિજ બુદ્ધિએ.
સ્કંદ પુરાણે રેવાખંડે, સત્યદેવ નારાયણની;
કથા કરી સંગીતજ રૂપે, દ્વિતીયાધ્યાયની કહેવાણી.
હવે તૃતીયાધ્યાયતણી, જે કથા કે'વાશે જે રીતે;
સાંભળજો શ્રોતા જન, સર્વે હાથ જોડીને અતિપ્રીતે.

कश्चित्काशीपुरे रम्ये ह्यासीद्विप्रोऽतिनिर्धनः ॥ ॥
क्षुत्तृड्भ्यां व्याकुलो भूत्वा नित्यं बभ्राम भूतले

દીંડી.

સુંદર કાશીપુરીમાંજ હતો એક, કોઇ વિપ્ર દ્રવ્ય થકી હીન છેક;
દુઃખી ભૂખ તર્ષ વડે થઇ રોજ, ફરતો ભૂમિ વિષે કરતો અન્નખોજ.

दुःखितं ब्राह्मणं दृष्ट्वा भगवान् ब्राह्मणप्रियः ॥ ॥
वृद्धब्राह्मणरूपस्तं पप्रच्छ द्विजमादरात्

જેને પ્રિય છે વિપ્ર એવા ભગવાન, બની વૃદ્ધ વિપ્ર તણા રૂપવાન;
દુઃખી તેજ વિપ્રને હમેશ જાણી, ભાવે પૂછતા હતાજ દયા આણી.

किमर्थं भ्रमसे विप्र महीं नित्यं सुदुःखितः ॥ ॥
तत्सर्वं श्रोतुमिच्छामि कथ्यतां द्विजसत्तम

ફરો કેમ છો હે વિપ્ર ભૂમિ સાજી, નથી આપનું જણાતું ચિત્ત રાજી;
સાંભળવા તે સર્વે મારું ચિત્ત ચ્હાય, કહો જો, મરજી આપ તણી થાય.

ब्राह्मण उवाच ॥

ब्राह्मणोऽतिदरिद्रोऽहं भिक्षार्थं वै भ्रमे महीम् ॥ ॥
उपायं यदि जानासि कृपया कथय प्रभो

મહારાજ હું દરિદ્રિ વિપ્ર ભારી, ભીખ અર્થે ફરૂંછું હું ભૂમિ જારી;
જાણો જો ઉપાય તો કૃપા કરીને, કહો હે પ્રભો તમેજ દિલ ધરીને.

वृद्धउवाच.

सत्यनारायणो देवो वांछितार्थ फलप्रदः

तस्य त्वं द्विजशार्दूल कुरुष्व व्रतमुत्तमम् ॥ ५ ॥

કહે વૃધ્ધ વિપ્ર રૂપ ધરનાર, સત્યદેવ ઇચ્છિત અર્થ છે દેનાર;
ઉત્તમ એ પ્રભુ તણું હે વિપ્ર ઇંદ્ર, વ્રતને કરતો ટળશેજ તુજ દરિદ્ર.

यत्कृत्वा सर्व दुःखेभ्यो मुक्तो भवति मानव :

विधानंच व्रतस्यास्य विप्रायाभाष्य यत्नतः ॥ ६ ॥

જે વ્રત કર્યા થકીજ જીવ શીઘ્ર, સર્વ દુઃખ થકી મુક્ત થાય વિપ્ર
વિધી વિપ્રને આ વ્રત તણી બતાવી, અતી યત્ન થકી હૃદય દયા લાવી;

सत्यनारायणो वृद्धस्तत्रैवान्तरधीयत

ततप्रातः करिष्यामि व्रतं मनसिचिन्तितम् ॥ ७ ॥

સત્યદેવ વૃધ્ધ વિપ્ર રૂપવાન, થતા ત્યાં હતાજ સિધ્ધ અંતર ધ્યાન;
મનમાં ચિંતવેલું વ્રત કરીશ પ્રાત, ઇચ્છીત ફળ દેનાર એછે નિશ્ચે વાત.

इति संचिन्त्य विप्रो सौ रात्रौ निद्रां न लब्धवान्

ततः प्रातःसमुत्थाय सत्यनारायणव्रतम् ॥ ८ ॥

ચિન્તા એમ કરતાં રાતનાં ન આવી. નિદ્રા વિપ્રને તે હર્ષમાં ગુમાવી;
પછી વિપ્ર તે સવારમાંજ જાગી, પ્રીતી સત્યદેવ વ્રત વિષેજ લાગી.

करिष्यइति संकल्प्य भिक्षार्थमगमद्द्विजः

तस्मिन्नेवदिने विप्रः प्रचुरं द्रव्यमाप्तवान् ॥ ९ ॥

કરવું આજ તે સંકલ્પ એમ કીધો, ભિક્ષા માટે તરત ખડીઓ ખભે લીધો;
તેજ દિવસ વિપ્ર પ્રચુર દ્રવ્ય પામ્યો. વ્રત સંકલ્પથીજ હૃદય હર્ષ જામ્યો.

तेनैवबन्धुभिस्सार्धं सत्यस्य व्रतमाचरत्

सर्व दुःखविनिर्मुक्तः सर्वसंपत्समन्वितः ॥ १० ॥

તેજ દિવસ મળ્યાં દ્રવ્ય વડે શીઘ્ર, સ્વજન બાંધવોને સાથ લઇ વિપ્ર;
કર્યું સત્ય પ્રભુ વ્રત થયોજ યુક્ત, સર્વ સિધિ વડે દુઃખ થકી મુકત.

बभूव सद्विजश्रेष्ठो व्रतस्यास्य प्रभावतः

ततः प्रभृतिकालेच मासि मासि व्रतंकृतम् ॥ ११ ॥

થતો તે ગયો આ વ્રત તણા પ્રભાવે, વિપ્ર શ્રેષ્ટ કર્યું જોતે અતિ ભાવેઃ

તેજ દિવસ પછી કરવુ માસે માસે, નિયમ લીધો એવો સત્ય દેવ પાસે.

श्री भगवानुवाच—

एवं नारायणस्येदं व्रतं ज्ञात्वा द्विजोत्तमः
सर्व पाप विनिर्मुक्तो दुर्लभं मोक्षमाप्नुयात् ॥ १२ ॥

નારદ મુનિને કહે શ્રી ભગવાન, સત્ય દેવ વ્રત તણુ થયું જે જ્ઞાન;
થવાથીજ ટળ્યુ વિપ્ર તણું પાપ, મળ્યું મોક્ષ વિના કાંઇ જપ તાપ.

व्रतं चेदं यदा विप्र पृथिव्यां संचरिष्यति
तदैव सर्व दुःखंच मनुष्याणां विनश्यति ॥ १३ ॥

ગીતી

પ્રચલિત પ્રભુ તણું થાશે, નારદ ભૂમિ વિષેજ વ્રત જયારે,
ટળશે દુઃખ સઘળું તે, પૃથ્વી વાસી મનુષ્યનું ત્યારે.

इति श्री रेवाखंडे सत्यनारायणव्रतकथायां तृतीयोध्यायः ॥

ઠુમરી

કચ્છ દેશ મુંદ્રાપુર વાશી કવી શાસ્ત્રી વલ્લભજીએ,
જ્યોતીષી નરસીસુત નિર્ભયરામ સુતે નિજ બુધ્ધિએ.
સ્કંદ પુરાણે રેવાખંડે સત્યદેવ નારાયણની,
કથા કરી સંગીતજ રૂપે તૃતિયાધ્યાયની કહેવાણી.
હવે ચતુર્થાધ્યાય તણી જે કથા કેવાશે જે રીતે,
શાંભળશો શ્રોતાજન સર્વે હાથ જોડીને અતિ પ્રીતે.

सूतउवाच ॥

एवं नारायणेनोक्तं नारदाय महात्मने
मयापि कथितं विप्र किमन्यत्कथयामि ते ॥ १ ॥

બનજારો

નારાયણે કહ્યું એ રીતે, મુનિ નારદને અતિ પ્રીતે;
મેં તે કહ્યું તમોને એમ, કહો કહું બીજું શું તેમ?

शौनकउवाच—

ततो विप्राद्व्रतं केन पृथिव्यां चरितं मुने
तत्सर्वं श्रोतुमिच्छामि श्रद्धास्माकं प्रजायते ॥ २ ॥

તે વિપ્ર વિના પૃથ્વીમાં, વ્રત કોણે કર્યું યુગ કલિમાં,

સર્વે ચાહું સાંભળવા સૂત, શ્રદ્ધા થઇ મને અદ્‌ભૂત.

सूतउवाच ॥

श्रृणुध्वं मुनयः सर्वे तस्माद्येन कृतंभुवि
एकदा सद्विजवरो निज वित्तानुसारतः ॥ ३ ॥

સૂત કહે શુણો મુનિ સર્વ, તે વિપ્ર વિના તજી ગર્વ;
વ્રત કોણે કર્યું તે વિપ્ર, એક સમે સ્વશક્ત્યા શિઘ્ર.

बंधुभिः स्वजनैः सार्द्धं व्रतंकर्तुं समुद्यतः
एतास्मिन्नेव कालेतु काष्टक्रेता समागतः ॥ ४ ॥

બંધુ વિપ્ર સાથે લઇ પ્રિતે, વ્રત કરતો હતો એક ચિ-તે;
એજ સમે કાષ્ટ વેચનાર, આવ્યો અન્ન પાણિ ઇચ્છનાર.

बहिः काष्टंच संस्थाप्य विप्रस्य मंदिरं ययौ
क्षुधया परिपीडात्मा विप्रं दृष्ट्वा तथा विधं ॥ ५ ॥

કાષ્ટ તણી ભારી ધરી બારે, ગયો વિપ્ર મંદિરને દ્વારે,
ભૂખ તર્ષે દુઃખી કાષ્ટક્રેતા, વિપ્ર જોયા તે અતિ હર્ષ ચેતા.

प्रणिपत्य द्विजं प्राह किमिदं क्रियते
कृते किं फलमाप्नोति विस्तराद्वद मे प्रभो ॥ ६ ॥

પછી વિપ્ર તણે પડી પાય, પ્રશ્ન કર્યો કે હે દ્વિજરાય!
આ શું કરો તમે છો વિપ્ર, ફળ કરે મળે શું શિઘ્ર,
પ્રભુ કહો તમે વિસ્તારે, ઇચ્છા થઇ મુજને ભારે.

विप्रउवाच ॥

सत्यनारायणस्येदं व्रतं सर्वेप्सित प्रदम्
दुःखशोकादिशमनं सर्वत्र विजयप्रदम् ॥ ७ ॥

વિપ્ર કહે નારાયણ સત્ય, વ્રત તેનું કરૂં છું નિત્ય,
દુઃખ શોક અશુભ હરનારૂં, ભક્ત તણો વિજય કરનારૂં.

यस्य प्रसादान्मे सर्वं धनधान्यादिकं महत्
ततस्तुतद्व्रतं श्रुत्वा काष्टक्रेताति हर्षितः ॥ ८ ॥

જે વ્રત તણા પ્રભાવે પામી, ધન ધાન્ય, નાંખ્યું દુઃખ વામી,
એવું શુણી તે વ્રત કઠિઆરો, થયો અતી હર્ષ મન વાળો.

पपौ जलं प्रसादंच भुक्त्वा तन्नगरं ययौ
सत्यनारायणं देवं चिन्तयं स्थिर मानसः ॥ ९ ॥

લલીતછંદ

જલ તણું કરિ પાન ત્યાં તથા, પ્રભુ પ્રસાદ લઇ શાંભળી કથા,
નગરમાં ગયો તેજ પ્રેમમાં, દૃઢ કરી મતી સત્યદેવમાં.

काष्टं विक्रयतो ग्रामे प्राप्यते चाद्ययद्धनम्
तेनैव सत्यदेवस्य करिष्ये व्रतमुत्तमम् ॥ १० ॥

ત્યમ વળી દિને આજ ગામમાં, ધન મળેજ જે કાષ્ટ મૂલમાં
વ્રત કરીશ હું શ્રેષ્ટ તે થકી, સત્યપ્રભુ તણું વાત એ નકી.

इति संचित्य मनसा काष्ट कृत्वातु मस्तके
जगाम नगरे रम्ये धनिनां यत्र संस्थितिः ॥ ११ ॥

મન વિષે ઇતિ ચિંતના કરી, ભરીજ કાષ્ટની મસ્તકે ધરી,
નગર શ્રેષ્ટમાં વસ્તી જ્યાં હતી, ધની મનુષ્યની ત્યાં કરી ગતી.

तद्दिने काष्टमौल्यंच द्विगुणं प्राप्तवानसौ
ततः प्रसन्नहृदय सुपक्कं कदलीफलं ॥ १२ ॥

દ્વિગુણ તે દિને કાષ્ટ વેચતાં, ખુશ થયું મનઃ દ્રવ્ય પામતાં,
મનુજ તે તણુ, તેજ દ્રવ્યનાં, ફળ સુપકવ લઇ કેળ વૃક્ષનાં.

सर्कराघृतदुग्धं च गोधूमस्य च चूर्णकम्
कृत्वैकत्र सपादंच गृहीत्वा गृहमाययौ ॥ १३ ॥

ઘૃત ઘઉં તણો લોટ શર્કરા, પય તથા લઇ ભાવથીં ખરા,
સકલ એકઠું ને સવાઇ તે, કરી થતો હતો પ્રાપ્ત ઘેર તે.

ततो बंधून्समाहूय चकार विधिना व्रतम्
तद्व्रतस्य प्रसादेन धनपुत्रान्वितो भवत् ॥ १४ ॥

વ્રત કર્યું પછી બંધુ વર્ગને, સત્યપ્રભુ તણું તેડી ત્યાં કને
વ્રત તણા પ્રભાવે કરી થતો, ધન સુતો વડે યુકત તે હતો.

इह लोके सुखं भुक्त्वा चान्ते सत्यपुरं ययौ
पुनरन्यत्प्रवक्ष्यामि श्रृणुध्वं मुनिसत्तमाः ॥ १५ ॥

સુખ અહિંજ તે ભોગવી ગયો, દુર્લભ પ્રભુ તણાધામમાં રહયો.
કહીશ આપને અન્ય હું વળી, મુની તમે થશો રાજી સાંભળી,

इति श्रीरेवाखंडे सत्यनारायणव्रत कथायां चतुर्थोऽध्यायः

ઠુમરી.

કચ્છ દેશ મુંદ્રા પુરવાશી, કવી શાસ્ત્રી વલ્લભજીએ.
જયોતિષી નરસી સુત નિર્ભયરામ સુતે નિજ બુધ્ધીએ.
સ્કંદ પુરાણે રેવાખંડે, સત્ય દેવ નારાયણની,
કથા કરીસંગતીજ રૂપે, ચોથા ધ્યાયની કહેવાણી.
હવે પાંચમા ધ્યાય તણી જે, કથા કહેવાશે જે રીતે,
સાંભળશો શ્રોતાજન સર્વે હાથ જોડીને અતિ પ્રીતે.

सूतउवाच ॥

आसीदुल्कामुखो नाम नृपतिर्बलिनां वरः (?)
जितेन्द्रियः सत्यवादी ययौ देवालयं प्रति ॥ १ ॥

દોહરો.

સૂત કહે ઉલકા મુખો નામે કોઇક ભૂપ,
બલીઓમાં બલવંત તે સતવાદા ગુણરૂપ;

दिनेदिने धनंदत्वा सद्विजान्सम तोषयत्
भार्या तस्य प्रमुग्धाच सरोजवदना सती ॥ २ ॥

જીત ઇન્દ્રી મોટા હતો જતો દેવાલયમાં.
પ્રતિદિન તે દેતો હતો, ધર્મ જાણી મનમાં,
ધન વિપ્રોને, તે તણી ભાર્યા મુગ્ધા એક;
કમલાક્ષિ સુંદર હતી પતીવ્રતા પણ છેક.

भद्रशीला नदीतीरे सत्यस्य व्रतमाचरत्
एतस्मिन्नंतरे तत्र साधुरेकः समागतः ॥ ३ ॥

નદી ભદ્રશીલા તટે, સત્યનારાયણનુંજ,
વ્રત આચરતો તે હતો, સમજી નિજ હિતનુંજ.
એજ સમે કોઈ વાણીઓ નામે સાધુ એક.

वाणिज्यार्थं बहुधनैरनेकै परिपूरितः
नावं संस्थाप्य तत्तीरे जगामनृपतिंप्रति ॥ ४ ॥

કરવા તે વ્યાપારને ફરતે દેશ અનેક,
આવ્યો બહુ વિધ દ્રવ્યથી નાવ ભરી તે તીર;
નાવ રખાવ્યું ત્યાં પછી આવ્યો માથે તીર.

दृष्ट्वा तत्र व्रतं सम्यक् पप्रच्छ विनयान्विताः
भक्तियुक्तेन वणिजौ करमस्तक संयुतौ ॥ ५ ॥

साधुरुवाच ॥

किमिदं कुरुषे राजन्भक्तियुक्तेन चेतसा
प्रकाशं कुरु तत्सर्वं श्रोतुमिच्छामि साम्प्रतम् ॥ ६ ॥.

સારૂં વ્રત તે જોઇ ત્યાં વિનય ભકિતથી
પૂછ્યું તે વ્યાપારીએ કર કરી મસ્તક યુકત,
સાધુ કહે આ શું તમે ધરી કરોછો આશ;
ભકિત યુકત ચિન્તે કરી, તેનો કરો પ્રકાશ.
સાંભળવા તે સર્વ હું, રાજા ઇચ્છું હાલ,
કહ્યું ભૂપતે તે તણી, સારી જાણી ચાલ.

राजोवाच ॥

पूजनं क्रियते साधो विष्णोरतुलतेजसः
व्रतंच स्वजनैस्सार्द्धं पुत्राद्यावाप्ति वाञ्छया ॥ ७ ॥

(કોઇ હાલ કહો જાકે—એ ઢાળ.)

પૂજા કરીએ અમે છીએ, મહિમા જેનો ન કહી શકીએ,
અતુલ પ્રતાપી સર્વત્ર વ્યાપી, વિષ્ણુ તણી સાધુ.
વ્રત સાથે લઇ બંધુ, ભાવ ધરી આજે, પુત્ર સંતતિ કાજે.

भत्युवाच ततो नत्वा राजानं मधुरं वचः
साङ्गं कथय मे राजन् व्रतमेतत् करोम्यहं ॥ ८ ॥

શીશ ભૂપ પાયે નાખી, ઇચ્છા પુત્ર તણી રાખી,
મધુર વચન તે ફરીથી બોલ્યો, સાધુ તે ભૂપતિ પાસ.
વિધિઆનીબતાવોખાસ, વ્રત એ હું કરીશ, પ્રભુ પાયે ધરી શીશ.

ममापि सन्ततिर्नास्ति एतस्माद्भविता ध्रुवं
ततो निवृत्य वाणिज्यात्सानन्दो गृहमाययौ ॥ ९ ॥

